ક્રમાંક:કવટ/ફાજલ/૦૯-૧૦/ ૧૮-૧૪૩ - ૧૮૫૪૩
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી.
બ્લોક નં.૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.,તારીખ :- ૧૮/૦૯/૨૦૦૯

**પરિપત્ર** :-

વિષય : સરકારી કોલેજોમાં ફરજ બજાવતા સીધી એડહોક નિમણુંક મેળવનાર અને મદદનીશ શિક્ષક તરીકે લિયન ચાલુ રાખી એડહોક અધ્યાપક તરીકે સરકારી કોલેજોમાં ફરજ બજાવતા એડહોક વ્યાખ્યાતાઓને તા.૨૩/૬/૦૯ના શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ બિન સરકારી અનુદાનિત કોલેજોમાં સમાવવા માટે આયોજીત કેમ્પમાં તમામ એડહોક અધ્યાપકોને હાજર રહેવા બાબત.

આથી તમામ આચાર્યશ્રીઓને જણાવવાનું કે , વિનયન, વાણિજય, વિજ્ઞાન, તથા કાયદાની સરકારી કોલેજોમાં ફરજ બજાવતા સીધી એડહોક નિમણુંક મેળવનાર અને મદદનીશ શિક્ષક તરીકે લિયન ચાલુ રાખી એડહોક અધ્યાપક તરીકે સરકારી કોલેજોમાં ફરજ બજાવતા એડહોક વ્યાખ્યાતાઓને તા.૨૩/૬/૦૯ના શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ બિન સરકારી અનુદાનિત કોલેજોમાં સમાવવા માટે નીચે મુજબના સમયપત્રક પ્રમાણે આયોજીત કેમ્પમાં તમામ એડહોક અધ્યાપકોને તથા મદદનીશ શિક્ષક તરીકે લિયન ધરાવનાર એડહોક અધ્યાપકોને હાજર રહેવા માટે આપની કક્ષાએથી જાણ કરવા માટે સુચના આપવાં આવે છે. વધુમાં અત્રેની કચેરી ધ્વારા તા.૩,૪/૭/૨૦૦૯ ના રોજ યોજવામાં આવેલ કેમ્પમાં જે વ્યાખ્યાતાઓએ વિકલ્પ આપેલ છે તેઓને પણ આ કેમ્પમાં હાજર રહેવા માટે સબંધિત એડહોક વ્યાખ્યાતાને સુચના આપવા માટે બિન સરકારી અનુદાનિત કોલેજના આચાર્યશ્રીઓને સુચના આપવામાં આવે છે. આ કેમ્પનું સમયપત્રક નીચે મુજબ છે.

| ક્રમ | વિદ્યા શાખા | તારીખ-- સમય | વિષય |
|---|---|---|---|
| ૧ | વિજ્ઞાન શાખા | ૨૨/૯/૦૯,<br>સવારે ૧૨--૦૦ કલાકે | રસાયણશાસ્ત્ર --૨૭, વનસ્પતિશાસ્ત્ર--૦૫,<br>આંકડાશાસ્ત્ર --૦૬, કોમ્પ્યુટર સાયન્સ --૩<br>(કુલ--૪૧) |
| ૨ | વિજ્ઞાન શાખા | ૨૩/૯/૦૯,<br>સવારે ૧૨--૦૦ કલાકે | ભૌતિકશાસ્ત્ર--૨૧,પ્રાણીશાસ્ત્ર--૦૮,ગણિત --૧૧<br>માઈક્રોબાયોલોજી--૧,(કુલ--૪૧) |
| ૩ | વાણિજય શાખા | ૨૪/૯/૦૯,<br>સવારે ૧૨--૦૦ કલાકે | કોમર્સ--એકા. --૦૮,ભૂસ્તરશાસ્ત્ર --૦૧<br>કાયદાશાસ્ત્ર --૦૧,અર્થશાસ્ત્ર --૨૦<br>(કુલ--૩૦) |
| ૪ | વિનિયન શાખા | ૨૫/૯/૦૯,<br>સવારે ૧૨--૦૦ કલાકે | ગુજરાતી --૦૮, હિન્દી --૧૭<br>સંસ્કૃત --૦૯, અંગ્રેજી --૧૯<br>(કુલ--૫૩) |
| ૫ | વિનિયન શાખા | ૨૬/૯/૦૯,<br>સવારે ૧૨--૦૦ કલાકે | માનસશાસ્ત્ર --૦૬, ભૂગોળ --૦૧<br>તત્વજ્ઞાન --૦૩, રાજયશાસ્ત્ર --૦૨<br>ઈતિહાસ --૧૪, સમાજશાસ્ત્ર --૦૮<br>(કુલ--૩૪) |

આ કેમ્પમાં તમામ એડહોક/મદદનીશ શિક્ષક તરીકે લીયન ધરાવતા એડહોક વ્યાખ્યાતાઓ કે જેઓ હાલમાં સરકરી કોલેજોમાં ફરજ બજાવે છે તે,જેઓએ ગત કેમ્પ દરમ્યાન વિકલ્પ આપેલ ન હતો અને તેઓને ફરજ મુકત કરવામાં આવેલ હતાં તે, જેઓ એ બિન સરકારી અનુદાનીત કોલેજોમાં પસંદગીનો વિકલ્પ આપેલ છે અને હાલમાં બિન સરકારી કોલેજોમાં ફરજ બજાવે

છે તે તથા જેઓ મદદનીશ શિક્ષક તરીકેનું લિયન ધરાવતા હતાં અને કમિશનર મ.ભો.યો. અને શાળાઓની કચેરીમાં પરત મુકવામાં આવેલ છે તે તમામ એડહોક વ્યાખ્યાતાઓએ આ કેમ્પમાં ઉપર મુજબના સમય પત્રક પ્રમાણે હાજર રહેવા માટે જણાવવામાં આવે છે.

વહીવટી અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ</u> :-

૧) નાયબ નિયામકશ્રી,(મહેકમ) કમિશનર મ.ભો.યો. અને શાળાઓની કચેરી, ગુ.રા, ગાંધીનગર.
૨) પ્રમુખ/મંત્રીશ્રી, સંબંધિત તમામ અનુદાનિત કોલેજો,
૩) આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત કોલેજો તથા તમામ સરકારી કોલેજો તમામ, ગુ.રા.,
૪) પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય સરકારી કોલેજ અધ્યાપક મંડળ,ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ સારૂ</u> :-

૧) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ.,નવા સચિવાલય, ગાંધીનગર.